




પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૮૩ — ૩ જુન, ૨૦૨૧, ગુરૂવાર; વૈશાખ વદ - ૯ — પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# યુ-ટર્ન : ગુજરાતમાં ધો-૧૨ની પરીક્ષા રદ

**મંગળવારે સીબીઆઈની પરીક્ષા રદ કરાઈ હતી : ધો.૧૨-૧૦ના રીપિટર વિદ્યાર્થીઓ મહિના પછી કોરોના માહોલ વચ્ચે પરીક્ષા કેવી રીતે આપશે તે સવાલ ઉભો થયો : ધો.૧૨ સાયન્સ તેમજ સામાન્ય પ્રવાહના ૬ લાખ ૯૨ હજાર વિદ્યાર્થીઓની પરીક્ષા રદ : કેન્દ્ર સરકારની ગાઈડલાઈન્સ મુજબ આગળની કાર્યવાહી કરાશેઃ શિક્ષણમંત્રી**



ગાંધીનગર, તા.૨

મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હાલ કોરોના મહામારીમાં વિદ્યાર્થીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપીને સીબીએસઈની ધોરણ-૧૨ની પરીક્ષાને રદ કરવાનો નિર્ણય કર્યો હતો. જેના પગલે ગુજરાત સરકારે પણ જીએસઈબીની ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષા રદ કરવાનો નિર્ણય લીધો છે. ધોરણ-૧૨ અને ૧૦ના રીપિટર મળીને ૧૦ લાખની વધુ વિદ્યાર્થીઓ ફક્ત એક મહિના પછી કોરોના માહોલ વચ્ચે પરીક્ષા કેવી રીતે આપશે તે સવાલ ઉભો થયો હતો. ત્યારે કેન્દ્ર સરકારના તર્જ પર રાજ્ય સરકારે પણ ગુજરાત બોર્ડની ધોરણ-૧૨ની ૧ જુલાઈથી લેવાનારી પરીક્ષા રદ કરી દીધી છે. જણાવી દઈએ કે, કેન્દ્ર સરકારે આગામી સમયમાં લેવાનારી સીબીએસઈની પરીક્ષાને કોરોનાના ખતરાને ધ્યાનમાં રાખીને જ રદ કરી હતી. પરંતુ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડએ મંગળવારે જ ૧ જુલાઈથી ધોરણ-૧૨ અને ધોરણ-૧૦ના રીપિટર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનો કાર્યક્રમ જાહેર કર્યો હતો. જો કે, ત્યારબાદ કેન્દ્ર સરકારે સીબીએસઈની પરીક્ષો રદ કરતા રાજ્ય સરકાર અસમંજસમાં મુકાઈ ગઈ હતી. રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું કે, કોરોના સંક્રમણની પ્રવર્તમાન સ્થિતિમાં દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓના વ્યાપક આરોગ્ય હિતમાં સીબીએસઈની ધોરણ-૧૨ની પરીક્ષાઓ આ વર્ષે નહીં યોજવાની જાહેરાત કરી હતી. સીએમ રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ સંદર્ભમાં ચર્ચા-

● અનુસંધાન પાન-૭ પર

## કોરોનાની ત્રીજી લહેર વધુ ઘાતક સાબિત થઈ શકે છેઃ એસબીઆઈ

**કોરોનાની ત્રીજી લહેર ૯૮ દિવસ સુધી દેશમાં કોહરામ મચાવી શકે એવી અહેવાલમાં શંકા વ્યક્ત કરાઈ**

નવી દિલ્હી, તા. ૨

દેશમાં તબાહી મચાવનાર કોરોના મહામારીની બીજી લહેર હવે અંકુશમાં હોવાના સંકેત મળી રહ્યા છે. પરંતુ દેશ પર કોરોનાની ત્રીજી લહેરનો ખતરો પણ સતત વધી રહ્યો છે. એસબીઆઈના અહેવાલ મુજબ દેશમાં સંભવિત કોરોના મહામારીની ત્રીજી લહેર પણ એટલી જ ખતરનારનાક સાબિત થઈ શકે છે.

દેશમાં ત્રીજી લહેરને લઈને સામે આવેલા આ રિપોર્ટમાં આશંકા વ્યક્ત કરવામાં આવી છે કે, કોરોનાની ત્રીજી લહેર ૯૮ દિવસ સુધી દેશમાં કોહરામ મચાવી શકે છે.

વૈશ્વિક કોરોના મહામારીને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે અનુભવોના આધારે એસબીઆઈ ઈકોરેપની રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ત્રીજી લહેરની અસર આગળની લહેરથી અલગ નહીં હોય. આ રિપોર્ટ મુજબ કોરોના સંક્રમણ સામે સુરક્ષિત રહેવા માટે યોગ્ય તૈયારીઓથી જ ત્રીજી લહેરમાં મોતના આંકડાને વધતો અટકાવી શકાશે.

રિપોર્ટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, દુનિયાના ટોપના દેશોમાં કોરોનાની ત્રીજી લહેર સરેરાંશ ૮૯ દિવસ સુધી ચાલી, જ્યારે બીજી લહેર ૧૦૮ દિવસ સુધી કોહરામ મચાવતી રહી. બીજી લહેર બાદ રાજ્યો અને કેન્દ્ર સરકારે ત્રીજી લહેર સામે રક્ષણ માટે અગમચેતી પગલા ઉઠાવવાની શરુઆત કરી દીધી છે. આવા કપરા સમયે ભવિષ્યને લઈને અનુમાન મહત્વપૂર્ણ સાબિત થાય છે

# મોડર્ના-ફાઈઝર વિદેશી વેક્સિન પણ ભારતમાં ઉપલબ્ધ

**વિદેશી કંપનીઓ ભારતમાં ટ્રાયલ વગર વેક્સિન લોન્ચ કરી શકશે : વિદેશી કંપનીઓની વેક્સિન ઝડપથી ભારતીય માર્કેટમાં આવી શકે તે માટે કેન્દ્ર સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો : કોરોના સામેના લડાઈમાં ભારતના એક પછી એક આક્રમક પગલાં**

નવી દિલ્હી, તા. ૨

ભારતમાં કોરોનાની બીજી લહેરનુ જોર ઓસરી રહ્યુ છે પણ ત્રીજી લહેરને રોકવા માટે ઝડપી રસીકરણ એટલુ જ જરુરી બન્યુ છે.

આ માટે ઘરઆંગણે વેક્સીન બનાવતી કંપનીઓનુ ઉત્પાદન વધે તે જરુરી છે અને સાથે સાથે વિદેશી કંપનીઓની રસીને પણ ભારતના બજારમાં છૂટ આપવા માટે સરકાર કાર્યવાહી કરી છે. આ સંદર્ભમાં ભારતના ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ એક મહત્વનો નિર્ણય લીધો છે. કંપનીએ હવે મોડર્ના અને ફાઈઝર જેવી વિદેશી કંપનીઓની વેક્સીન ઝડપથી ભારતીય માર્કેટમાં આવી શકે તે માટે તેમને ભારતમાં ટ્રાયલ લેવામાંથી મુક્તિ આપી છે.

બીજા શબ્દોમાં કહીએ તો જે વેક્સીનને અમેરિકામાં અને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન ઈમજરન્સી યુઝ માટે મંજૂરી આપી છે તેમણે ભારતમાં અલગથી દર્દીઓ પર ટ્રાયલની કાર્યવાહી કરવી નહીં પડે.

અત્યાર સુધી ભારત સરકારની શરત પ્રમાણે કોઈ પણ વિદેશી કંપનીએ ભારતમાં જો પોતાની રસીને માર્કેટમાં મુકવી હોય તો સીમિત સંખ્યામાં પણ ભારતીય વોલિએન્ટિયર્સ પર તેની મેડિકલ ટ્રાયલ જરુરી હતી. જેથી ભારતમાં રસી અકસીર છે કે નહીં તે જાણી શકાય. જોકે આ નિયમમાંથી વિદેશી કંપનીઓને મુક્તિ આપવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, મોડર્ના અને ફાઈઝર કંપનીઓએ ભારતમાં ટ્રાયલમાંથી મુક્તિ માંગી હતી પણ આ બાબતે અત્યાર સુધી ભારત સરકારે કોઈ નિર્ણય લીધો નહોતો.હવે આ કંપનીઓને રાહત આપવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## રસીની ખરીદીની સંપૂર્ણ વિગત આપવા કેન્દ્રને સુપ્રીમનો આદેશ

**વેક્સિનની ખરીદી, અત્યાર સુધી દેશની કેટલી વસતીનું રસીકરણ થયું છે તેનો ડેટા રજૂ કરવા સરકારને સુચના**



નવી દિલ્હી, તા. ૨

કોરોના વેક્સિનેશનને લઈને સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે વેક્સિન ખરીદીની સંપૂર્ણ વિગત આપવાનું કહ્યું છે. કોર્ટે ગુરૂવારે કેન્દ્રને આદેશ આપ્યો કે અત્યાર સુધી વેક્સિનની ખરીદી થઈ છે તેની સંપૂર્ણ વિગત રજૂ કરે. આ સિવાય અત્યાર સુધી કેટલી વસ્તીનું રસીકરણ થયું છે, તેનો પણ ડેટા રજૂ કરે.

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યુ કે તે જણાવે કે અત્યાર સુધી કોરોનાની કેટલી વેક્સિન ક્યારે-ક્યારે ખરીદવામાં આવી છે. કેટલી વસ્તીને રસી આપવામાં આવી ચુકી છે અને બાકી બચેલા લોકોનું ક્યાં સુધી રસીકરણ થઈ જશે. સર્વોચ્ચ કોર્ટે સરકારને તે પણ પૂછ્યું કે બ્લેક ફંગસની સારવાર માટે દવાઓ ઉપલબ્ધ કરાવવા માટે શું પગલા ભર્યા છે, તેની પણ જાણકારી આપે.

કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે, સરકાર તે ડેટા આપે અને સ્પષ્ટ રીતે જણાવે કે ત્રણેય વેક્સિન (કોવિશીલ્ડ, કોવૈક્સીન, સ્પૂતનિક-વી) ની ખરીદી માટે ક્યારે-ક્યારે ઓર્ડર આપવામાં આવ્યો. દરેક તારીખ પર વેક્સિનના કેટલા ડોઝનો ઓર્ડર આપવામાં આવ્યો અને તેની સપ્લાયની અનુમાનિત તારીખ શું છે.

## ત્રીજી લહેરને રોકવા સરકાર દ્વારા અનલૉકના નિયમ જાહેર કરાયા

**પોઝિટિવિટી રેટ ૫ ટકાથી ઓછો હોય અને ૭૦ ટકા લોકોનું વેક્સિનેશન થઈ ચૂક્યું હોય ત્યારે જિલ્લાઓમાં અનલોકની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે**

નવી દિલ્હી,તા.૨

દેશમાં કોરોના સંક્રમણની બીજી લહેર નબળી પડતા અને ત્રીજી લહેરની આશંકાની વચ્ચે કેન્દ્ર સરકારે અનલૉકની પ્રક્રિયા વિશે અગત્યની જાણકારી આપી છે. કેન્દ્ર સરકારએ કહ્યું છે કે ઓછામાં ઓછા એક સપ્તાહ સુધી પોઝિટિવિટી રેટ ૫ ટકાથી ઓછો હોય અને કુલ વસ્તીના લગભગ ૭૦ ટકા લોકોનું વેક્સીનેશન થઈ ચૂક્યું હોય. તેની સાથે જ કોવિડ પ્રોટોકોલ્સનું પણ કડકાઈથી પાલન કરવામાં આવે. ત્યારબાદ જ જિલ્લાઓમાં મોટાભાગના પ્રતિબંધોમાં છુટ આપવામાં આવે. આઈસીએમઆરના મહાનિદેશક અને ભારતના કોવિડ-૧૯ ટાસ્ક ફોર્સના સભ્ય ડૉ. બલરામ ભાર્ગવે મંગળવાર આ વાત પર ભાર મૂક્યો કે પ્રતિબંધોથી ધીમેધીમે છુટ આપવાના મામલામાં તેજી નહીં આવે .જિલ્લા વહીવટીતંત્રએ એ સુનિશ્ચિત કરવાનું રહેશે કે વેક્સીનેશનને પ્રાથમિકતા આપવામાં આવે. ભાર્ગવે કહ્યું કે, ત્રીજી લહેરને રોકવાના મામલામાં ૫ ટકાથી ઓછા પોઝિટિવિટી રેટવાળા જિલ્લાઓને આંશિક ખોલી શકાશે. તેમાં ખૂબ ધીમેધીમે છુટ આપવી જોઈએ. જિલ્લાઓમાં પ્રતિબંધોમાં છુટ આપવા વિશે ભાર્ગવે કહ્યું કે, એવા જિલ્લાઓમાં એક સપ્તાહ સુધી સંક્રમણ દર પાંચ ટકાથી ઓછો હોવો જોઈએ, પાત્રતા ધરાવતા લોકોનું ૭૦ ટકાથી વધુ વેક્સીનેશન થયેલું હોવું જોઈએ અને કોવિડ-૧૯ના યોગ્ય વ્યવહાર કરવા માટે સામુદાયિક સ્તર પર જાગૃતિ હોવી જોઈએ. ડૉ. બલરામ ભાર્ગવનું નિવેદન સ્વાસ્થ્ય મંત્રાલયના દાવા બાદ આવ્યું છે, જેમાં કહેવામાં આવ્યું છે કે ગત સપ્તાહે ૩૪૪ જિલ્લામાં સંક્રમણ દર પાંચ ટકાથી ઓછું રહ્યું છે અને ૩૦ રાજ્યોમાં કોરોના વાયરસના સારવાર લઈ રહેલા દર્દીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. ભાર્ગવે કહ્યું કે, આપણે કોરોનાની ઘાતકી બીજી લહેરની વચ્ચે છીએ, જોકે તે હજુ ખતમ થઈ રહી છે. આંકડાઓ પર નજર કરીએ તો એપ્રિલના પહેલા સપ્તાહમાં આપણી પાસે ૨૦૦થી ઓછા જિલ્લા હતા, જેમાં ૧૦ ટકાથી વધુ સંક્રમણ દર હતું. એપ્રિલના અંતિમ સપ્તાહમાં ૬૦૦ જિલ્લામાં ૧૦ ટકાથી વધુ પોઝિટિવિટી દર હતો. આજે દેશમાં ૨૩૯ જિલ્લા છે જેમાં ૧૦ ટકાથી વધુ સંક્રમણ દર છે. ૧૪૫ જિલ્લામાં ૫ ટકાથી ૧૦ ટકા પોઝિટિવિટી દર છે અને ૩૫૦ જિલ્લામાં ૫ ટકાથી પણ ઓછો સંક્રમણ દર છે. તેથી આપણે યોગ્ય દિશામાં આગળ વધી રહ્યા છીએ.

## દેશમાં કોરોનાના વધુ ૧.૩૨ લાખ કેસ, મૃત્યુઆંક ફરી ૩૦૦૦ને પાર

ન્યુ દિલ્હી,તા.૨

ભારતમાં કોરોનાના કેસનો આંકડો હવે કાબૂમાં આવતો દેખાઈ રહ્યો છે પરંતુ ગઈકાલની સરખામણીમાં નવા કેસ અને કોરોનાથી થયેલા મૃત્યુઆંકમાં વધારો નોંધાયો છે.

ગઈકાલે કોરોનાના કેસ ૧.૩૦ લાખની અંદર પહોંચ્યા હતા અને મૃત્યુઆંક ૩૦૦૦થી ઓછો નોંધાયો હતો, જોકે, પાછલા ૨૪ કલાકમાં નોંધાયેલા આંકડામાં તેમાં વધારો થયો છે.